પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૬૭ | ૧૮ મે, ૨૦૧૭, ગુરૂવાર ; વૈશાખ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કાન્સ ફિલ્મ ફેસ્ટીવલનો ધમાકેદાર પ્રારંભ

કાન્સ ફિલ્મ ફેસ્ટીવલનો



ધમાકેદાર પ્રારંભ થયો છે. વિશ્વની શ્રેષ્ઠ ફિચર ફિલ્મ અને ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનીંગ થશે. ભારત તરફથી એશ્વર્યા રાય બચ્ચન, સોનમ કપુર અને દિપિકા પાદુકોણ ફેસ્ટીવલમાં ભાગ લેશે.

### જેલમાંથી ૮૨ વર્ષિય પૂર્વ મુખ્યમંત્રીએ ૧૨માની પરીક્ષા પાસ કરી

દિલ્હીની તિહાર જેલમાં બંધ હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ઓમ



પ્રકાશ ચૌટાલાએ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓપન સ્કુલીંગથી ૧૨માં ધોરણની પરીક્ષા પાસ કરી છે. જેલમાં બેસીને પરીક્ષા આપનાર ચૌટાલા ટીચર ભરતી કૌભાંડમાં દસ વર્ષની સજા ભોગવી રહ્યા છે.

### ૯૬ કલાકમાં વીસ નક્સલીઓનો ખાત્મો

છત્તીસગઢની નકસલી પ્રભાવિત સુકમા-બીજાપુર બોર્ડર પર



સીઆરપીએફ અને એસટીએફના ૩૫૦ જવાનોએ ૯૬ કલાકનું સર્ચ ઓપરેશન ચલાવ્યુ હતુ. જેમાં ૨૦ નક્સલીઓને ઠાર કરવામાં આવ્યા છે જ્યારે એક જવાન શહીદ પણ થયો હતો.

### ૪૦૦ મીટર રેસમાં મહંમદ અનસનો નેશનલ રેકોર્ડ

કેરલના મહંમદ અનસે ઈન્ડિયન ગ્રાન્ડ પિક્સ એથ્લેટીક્સ



મીટમાં પુરૂષોની ૪૦૦ મીટર રેસમાં નેશનલ રેકોર્ડ બનાવી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ૨૨ વર્ષિય અનસે માત્ર ૪૫.૩૨ સેકન્ડમાં ૪૦૦મી.ની. રેસ પુરી કરી હતી. અનસ હવે ઓગષ્ટમાં લંડનમાં વર્લ્ડ ચેમ્પિયનશીપ માટે તૈયારી કરે છે.

# કાશ્મીરના સોફિયાનમાં સુરક્ષાદળોનું જંગી ઓપરેશન

## હિંસક વિરોધને પગલે ઓપરેશન પડતું મુકાયાના અહેવાલો : સેંકડો નાગરિકોને સલામત સ્થળે ખસેડાયા



જમ્મુ,તા.૧૭

બુધવારે સંરક્ષણપ્રધાન અરૂણ જેટલી અને સેનાધ્યક્ષ જનરલ બિપીન રાવત જમ્મુ અને કાશ્મીરમાં પ્રવર્તમાન સ્થિતિ અંગે બેઠક કરશે. સુરક્ષાબળો દ્વારા સોફિયાનમાં જંગી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ સ્થાનિકોના હિંસક વિરોધ બાદ તેને પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. બુધવારે વધુ એક વખત પાકિસ્તાન રેન્જર્સ દ્વારા સંઘર્ષ વિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. જેના કારણે સેંકડો લોકોને સલામત સ્થળે ખસેડવાની ફરજ પડી હતી.

જમ્મુ અને કાશ્મીર, પોલીસ, સેના તથા અર્ધ લશ્કરી દળોએ મળીને સોફિયાન આતંકવાદીઓના સફાયા માટે જંગી અભિયાન હાથ ધર્યું છે. આ અભિયાનમાં એક હજાર કરતાં વધુ જવાનોને કામે લગાડવામાં આવ્યા છે. જોકે, સ્થાનિકો દ્વારા સુરક્ષાબળો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેને પગલે વધુ સુરક્ષાબળોને

● અનુસંધાન પાન-૭ પર

## લાલુના સમર્થકોનું ભાજપ વિરૂદ્ધ કપડા ઉતારી રસ્તા પર પ્રદર્શન



પટના,તા.૧૭

રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના સમર્થક આજે પાર્ટી સુપ્રીમો લાલુપ્રસાદ યાદવના ત્યાં મંગળવારે પડેલા આઈટીના દરોડા વિરુદ્ધ રસ્તાઓ પર ઉતરી આવ્યાં. કપડા ઉતારીને તથા હાથોમાં લાઠી લઈને આરજેડી સમર્થકોએ બિહાર ભાજપના વરિષ્ઠ નેતા સુશીલકુમાર મોદી સામે પાર્ટી ઓફિસ બહાર વિરોધ પ્રદર્શન કર્યું. આ દરમિયાન ભાજપના સમર્થકો સાથે ઝપાઝપી પણ થઈ. ૧૬મી મેના રોજ દિલ્હી-એનસીઆર સહિત લાલુ યાદવના ૨૨ સ્થળો પર કથિત બેનામી સંપત્તિ મામલે આવકવેરા વિભાગે દરોડા પાડ્યા હતાં. લાલુ સાથે જ તેમના નજીકના લોકોના ત્યાં પણ દરોડા પડ્યા હતાં. જેમાં પાર્ટીના રાજ્યસભા સાંસદ પ્રેમચંદ ગુપ્તા (પી સી ગુપ્તા)નું ઘર પણ સામેલ હતું. આ ઉપરાંત કટિયાર પરિવાર, કોચર પરિવારના ત્યાં પણ દરોડા પડ્યાં હતાં.

ટીવીના અહેવાલો મુજબ આરજેડી સુપ્રીમોના નામ પર ૧૦૦૦ કરોડની બેનામી સંપત્તિ હોવાનો આરોપ છે. ભાજપે અગાઉ લાલુ પ્રસાદ યાદવ અને તેમના પુત્રો પર જમીન ડીલમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો. એવા સમયે આ દરોડા પડ્યાં છે. ૧૨ મેના રોજ કેન્દ્રીય મંત્રી રવિશંકર

● અનુસંધાન પાન-૭ પર

# ૧૦ એટોમિક રીએકટરોના નિર્માણને મંજુરી

## કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં શ્રેણીબદ્ધ મહત્વપૂર્ણ નિર્ણય કરાયા : સગર્ભા લાભ સાથે સંબંધિત કાર્યક્રમને પણ કેબિનેટની મંજુરી મળી : સગર્ભા મહિલાને ત્રણ તબક્કામાં ૬૦૦૦ ચૂકવાશે : કોલ લીન્કેજ પોલિસીને મંજુરી

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં આજે શ્રેણીબદ્ધ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે દેશમાં ન્યુક્લિયર પાવર જનરેશનને વધારવાના હેતુસર કેન્દ્રિય કેબિનેટે ૧૦ સ્વદેશી પ્રેશરાઈઝ્ડ હેવી વોટર રીએકટરોના નિર્માણ માટેની દરખાસ્તને લીલીઝંડી આપી દીધી હતી. દરેક રીએકટરની ક્ષમતા ૭૦૦ મેગાવોટ વીજળી ઉત્પાદન કરવાની રહેશે. કેન્દ્રિય મંત્રી પિયુષ ગોયલે આ અંગેની માહિતી આપતા આજે કહ્યું હતું કે કુલ ૭૦૦૦ મેગાવોટની ક્ષમતા ઉમેરવામાં આવશે. આનાથી ક્લીન એનર્જીનું ઉત્પાદન કરવામાં મદદરૂપ થશે. બીજી બાજુ કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં થર્મલ પાવર સેકટરમાં નવા પ્રાણ ફૂંકવાના પ્રયાસ પણ કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે કેન્દ્રિય કેબિનેટે આજે નવી કોલ લીન્કેજ પોલિસી (શક્તિ)ને મંજુરી આપી હતી. નવી પોલિસીનો હેતુ પાવર કંપનીઓને લાંબા ગાળે કોલસા લીન્કેજની હરાજીનો રહેલો છે. આ પોલિસીથી દેશમાં ૩૦,૦૦૦ મેગાવોટના પાવર પ્લાન્ટને પુનઃ સજીવન કરવામાં મદદ મળશે. ફ્યુઅલ સપ્લાયની રાહ હાલમાં જોવામાં આવી રહી છે. પ્રાઈવેટ સેકટરમાં મોટા લાભ પણ દેખાઈ રહ્યા છે. જેમાં રિલાયન્સ પાવર, અદાણી પાવર, બજાજ હિન્દુસ્તાન, જિન્દાલ પાવરનો સમાવેશ થાય છે. નવી પોલિસી હેઠળ કોલ લીન્કેજ નિયુક્ત સરકારી પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓને આપી દેવામાં આવશે. આનાથી જોરદાર ફાયદો થઈ શકે છે. છેલ્લા ઘણા સમયથી આના ઉપર ચર્ચા ચાલી રહી હતી. બીજી બાજુ કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં અન્ય મહત્વપૂર્ણ નિર્ણય પણ લેવામાં આવ્યા હતા. કેબિનેટે મેટરનિટી લાભ સાથે સંબંધિત કાર્યક્રમને મંજુરી આપી દીધી છે. સગર્ભા મહિલાઓને ૬૦૦૦ રૂપિયા ઉપલબ્ધ કરાવવાનો હેતુ રહેલો છે. કેબિનેટની બેઠક બાદ આ અંગેની માહિતી આપતા વીજળી મંત્રી પિયુષ ગોયલે કહ્યું હતું કે સગર્ભા મહિલાને ૬૦૦૦ રૂપિયા આપવામાં આવશે. જે મહિલા પ્રથમ વખત બાળકને જન્મ આપવા જઈ રહી છે તે મહિલાને આ લાભ આપવામાં આવશે. આ ૬૦૦૦ રૂપિયા પૈકી ૫૦૦૦ રૂપિયા મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા ત્રણ તબક્કામાં ચૂકવવામાં આવનાર છે. ગોયલે કહ્યું હતું કે પ્રથમ બાળકને જન્મ આપવા

● અનુસંધાન પાન-૭ પર







ઘાસ વગરનું ગાયનું છાણીયું ખાતર વ્યાજબી ભાવે મળશે

રાચરડા (ડાભલા), થોળ પાસે

સંપર્ક

મો. : ૯૪૨૬૭૦૭૭૮૬, ૯૪૨૮૩૫૨૬૩૪, ૯૭૨૬૯૪૫૫૨૦

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

